પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૧૮૮ | ૧૮ સપ્ટેમ્બર, ૨૦૨૧, શનિવાર; ભાદરવા સુદ - ૧૨ | પાનાં - ૧૨ કિંમત રૂ. ૨.૦૦

## વિશ્વ વિક્રમ : દેશમાં એક જ દિવસમાં રસીના બે કરોડ ડોઝ

**વડાપ્રધાન મોદીના જન્મદિવસે ખાસ અભિયાન : માત્ર છ કલાકમાં જ એક કરોડ ડોઝ અપાયા : વિશ્વમાં સૌથી વધુ રસીનો સિંગલ ડોઝ લગાવનાર ભારત પ્રથમ : કેન્દ્રીય આરોગ્ય મંત્રી મનસુખભાઈ માંડવીયાએ આરોગ્ય કર્મચારીઓને બિરદાવ્યા**



નવી દિલ્હી, તા.૧૭

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિવસ નિમિતે ભારતીય જનતા પાર્ટી દ્વારા આજે ઘણાં કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. લોકોને કોવિડ પ્રોટોકોલ અંતર્ગત કાર્યક્રમની ઉજવણી કરવાની અપીલ કરવામાં આવી છે. આ સિવાય આજે વેક્સિનેશન અભિયાન ક્ષેત્રે પણ મોટી સફળતા મળવાની શક્યતા છે. કારણકે આજે વિવિધ ક્ષેત્રના નેતાઓ અને સેન્ટર્સે મોટા ટાર્ગેટ નક્કી કર્યા છે. બીજેપી દ્વારા પણ પોતાની રીતે વેક્સિનેશન કેમ્પ શરૂ કરવામાં આવ્યા છે.વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિસે દેશમાં વેક્સિનેશનનું મહાઅભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. પીએમ મોદી આજે ૭૧ વર્ષના થયા છે. શુક્રવારે ભારતીય જનતા પાર્ટીએ દેશના વિવિધ વિસ્તારોમાં સ્પેશિયલ વેક્સિનેશન અભિયાન શરૂ કર્યું છે. શુક્રવારે ભારતે વેક્સિનેશનના બધા રેકોર્ડ તોડી દીધા છે. બપોરે સાડા ત્રણ વાગ્યા સુધીમાં દોઢ કરોડથી વધારે વેક્સિનના ડોઝ આપવામાં આવ્યા છે. આ પહેલાં એક દિવસમાં ૧.૩૩ કરોડ ડોઝ આપવાનો રેકોર્ડ હતો. શુક્રવારે બપોરે ૧.૪૦

● અનુસંધાન પાન-૭ પર

## ભારતના વૈજ્ઞાનિકોએ ડેન્ગ્યુની બે દવા શોધી કાઢી

**પ્રથમ ચરણનું ઉંદરો પરનું ટ્રાયલ સફળ રહ્યું, આ દવાઓ ડેંગ્યુના દર્દીઓ પર સંપૂર્ણપણે કારગર નીવડશે એવો દાવો**

નવી દિલ્હી, તા.૧૭

ડેંગ્યુની સારવાર માટે દવાનું રિસર્ચ કરી રહેલા વૈજ્ઞાનિકોને એક મોટી સફળતા હાથ લાગી છે. લખનૌની કેન્દ્રીય ઔષધિ સંશોધન સંસ્થા (સીએસઆઈઆર-સીડીઆરઆઈ)ના વૈજ્ઞાનિકોએ ૨ ડ્રગ શોધી કાઢ્યા છે. તેનું પ્રથમ ચરણનું ઉંદરો પરનું ટ્રાયલ પણ સફળ રહ્યું છે અને ટૂંક સમયમાં જ મનુષ્ય પર પરીક્ષણ કરવામાં આવશે. દર વર્ષે સપ્ટેમ્બર મહિનો આવતા જ ડેંગ્યુનું જોખમ વધવા લાગે છે. શરૂઆતમાં તો તે સામાન્ય તાવ લાગે છે પરંતુ યોગ્ય સારવારની ઉણપ અને મોડું થવાના કારણે તે જીવલેણ બની જાય છે. આ ડ્રગ અત્યાર સુધી થ્રોમબોસેસની સારવાર માટે પ્રયોગમાં લેવાતું હતું. હાલ ઉંદરો પર તેનું પરીક્ષણ કરવામાં આવ્યું છે અને ટૂંક સમયમાં જ મનુષ્ય પરની ટ્રાયલ બાદ તે દવા લોકો માટે ઉપલબ્ધ થશે.



સીડીઆરઆઈના ડિરેક્ટર પ્રોફેસર તપસ કુંડૂએ જણાવ્યું કે, આ દવાઓ ડેંગ્યુના દર્દીઓ પર સંપૂર્ણપણે કારગર નીવડશે. હ્યુમન ટ્રાયલ બાદ દવાને પેટન્ટ કરાવીને તરત જ બજારમાં ઉતારવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે, ભારતમાં ડેંગ્યુનો મૃતકઆંક ખૂબ જ ઉંચો છે. તેનું કારણ ડેંગ્યુની સારવાર માટે કોઈ ચોક્કસ દવા ઉપલબ્ધ નથી તે કહી શકાય. માત્ર તેના લક્ષણોના આધારે સારવાર કરવામાં આવે છે. તેવામાં વૈજ્ઞાનિકોનું આ સંશોધન દેશની સાથે સાથે સમગ્ર વિશ્વના દર્દીઓ માટે ખૂબ મહત્વનું ગણાઈ રહ્યું છે.

## તોફાની તેજી : સેન્સેક્સ ૫૯ હજારને પાર

**ભારતીય શેર બજાર ગિરાવટ સાથે બંધ થયું : નિફ્ટી ૧૭૬૦૦ નીચે આવ્યો : સેન્સેક્સમાં સપ્તાહના છેલ્લા કારોબાર દિવસે ૧૨૫ પોઈન્ટનું અને નિફ્ટીમાં ૪૪ પોઈન્ટનું ગાબડું પડ્યું**

મુંબઈ, તા.૧૭

આજે સપ્તાહના છેલ્લા કારોબાર દિવસ એટલે કે શુક્રવારે શેર બજાર લાલ નિશાન પર બંધ થયું આજે કારોબાર દરમિયાન બજારે નવો રેકોર્ડ બનાવ્યો પરંતુ અંત સુધી એ જળવાયો નહતો. બોમ્બે સ્ટોક એક્સચેન્જનો મુક્ય ઈન્ડેક્સ સેન્સેક્સ ૧૨૫.૨૭ પોઈન્ટની ગિરાવટ સાથે ૫૯,૦૧૫.૮૯ના સ્તરે બંધ થયો. તો વળી નેશનલ સ્ટોક એક્સચેન્જનો નિફ્ટી ૪૪.૩૫ પોઈન્ટની ગિરાવટ સાથે ૧૭,૫૮૫.૧૫ના સ્તરે બંધ થયો. નિફ્ટીએ ઈન્ટ્રા-ડે ૧૭,૭૯૨.૯૫ના લાઈફટાઈમ ઉચ્ચતમ સ્તરને સ્પર્શ કર્યો. આજના મુખ્ય શેરોમાં ભારતી એરટેલ, કોટક બેંક, એચડીએફસી બેંક અને મારુતિના શેર લીલા નિશાન પર બંધ થયા. તો વળી ટાટા સ્ટીલ, ટીસીએસ, એસબીઆઈ, કોલ ઈન્ડિયા અને હિંદાલ્કોના શેર લાલ નિશાન પર બંધ થયા. શરૂઆતના કારોબારમાં શેર બજાર હાઈએસ્ટ સ્તર પર ખુલ્યું હતું. સેન્સેક્સ ૨૮૧.૨૩ પોઈન્ટ વધીને ૫૯,૪૨૨.૩૯ના સ્તર પર ખુલ્યું. બીજી બાજુ નિફ્ટી ૭૯.૭૦ પોઈન્ટની તેજી સાથે ૧૭,૭૦૯.૨૦ના સ્તરે ખુલ્યો હતો. આ ઉપરાંત શાંગી, ટોક્યો, સિઓલ અને હોંગકોગના શેર વધારા સાથે બંધ થયા. આ દરમિયાન આંતરરાષ્ટ્રીય ઓઈલ બેન્ચમાર્ક બ્રેન્ટ ક્રૂડ ૦.૫૪ ટકા લપસીને ૭૫.૨૬ ડોલર પ્રતિ બેરલ પર આવી ગયું હતું.

જાણકારોનું માનીએ તો આ તેજી સપ્ટેમ્બર સુધી રહેશે. બ્રોકરેજ હાઉસિસનું કહેવું છે કે ઓક્ટોબરમાં ઈન્ડેક્સમાં કરેક્શન જોવા મળી શકે છે.

● અનુસંધાન પાન-૭ પર

## વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો ૭૧મા જન્મદિને દેશભરમાં સેવાયજ્ઞ

**દેશની સેવા કરવાનો સંકલ્પ લેવાની અપીલ કરવામાં આવી : પ્રધાનમંત્રી મોદીએ તેમનો ૭૧ મો જન્મદિવસ સામાન્ય દિવસની જેમ વ્યસ્ત દિનચર્યા સાથે અને કોઈપણ ઝાકમઝોળભરી ઉજવણી વગર વિતાવ્યો**

નવી દિલ્હી,તા.૧૭

શુક્રવારે દેશના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના ૭૧માં જન્મદિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે ભાજપ દેશભરમાં વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ દિવસે પ્રધાનમંત્રી મોદીના જન્મદિવસને લગતું પ્રદર્શન નમો એપ પર બતાવવામાં આવી હતી. નમો એપ પર અમૃત પ્રયાસ નામનો વિકલ્પ ઉમેરવામાં આવ્યો છે. જેના દ્વારા લોકો રક્તદાન

● અનુસંધાન પાન-૭ પર

**ગાંધીનગર માટે**
આપનું LED TV, બગડે તો દુકાને આવવાની જરૂર નથી ફક્ત ફોન કરો.
**સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ**
ચંદ્ર ફોટો સ્ટુડિયોની બાજુમાં સેક્ટર-૨૪, ગાંધીનગર
મો. ૯૭૧૪૧૯૮૩૬૬

**વાછાણી ઓર્થોપેડિક અને કિડની હોસ્પિટલ**
ડૉ. વિવેક વાછાણી દ્વારા આયોજીત
NABH Certified
ઉત્તર ગુજરાતની એક માત્ર હોસ્પિટલ કે જ્યાં સાંધા બદલાવાનું ઓપરેશન સ્નાયુ કાપ્યા વગર કોમ્પ્યુટર નેવીગેશનની મદદથી કરવામાં આવે છે.
**જોઈન્ટ રિપ્લેસમેન્ટ મેગા કેમ્પ**
આ કેમ્પ ફક્ત જોઈન્ટ રિપ્લેસમેન્ટ માટે જ છે.
કેમ્પના સ્પેશીયલ ડિસ્કાઉન્ટનો લાભ મેળવવા માટે ૧૫ ઓક્ટોબર પહેલા ઓપરેશન કરાવો
કન્સલ્ટીંગ ફી અને ડિઝીટલ એક્સ-રે ૫૦% રાહત દરે
કેમ્પનો સમય: સોમવાર થી શનિવાર સવારે ૧૧:૦૦ થી ૧:૦૦ અને સાંજે ૫:૦૦ થી ૭:૦૦
કેમ્પનું સ્થળ: વાછાણી હોસ્પિટલ, ૩જો માળ, બી-બ્લોક, રાધે સિગ્નેચર, સહજાનંદ સીટી સામે, કુડાસણ, ગાંધીનગર-૩૮૨૪૨૧
અગાઉથી રજીસ્ટ્રેશન કરાવવા માટે મો. ૯૫૧૨૩ ૫૫૫૬૩, ૯૯૨૫૬ ૨૮૧૦૮

**હાર્દિક શુભકામનાઓ...**
માનનીય શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલને ગુજરાતના નવા મુખ્યમંત્રી બનવા બદલ ખૂબ ખૂબ અભિનંદન...
શ્રી ઋષિકેશભાઈ પટેલને ગુજરાત સરકારમાં કેબિનેટ મંત્રી તરીકે સ્થાન પ્રાપ્ત કરવા બદલ ખૂબ ખૂબ અભિનંદન...
: શુભેચ્છક :
મેહુલ પટેલ ૯૬૩૮૧ ૮૩૮૩૮
**કેપિટલ ઓફસેટ**
AN ISO 9001:2015 CERTIFIED COMPANY
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રમેશ પટેલ ૯૮૨૫૦ ૩૮૩૭૮
:: ઓફિસ :: ૬૦૩-૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પલેક્ષ, હોટલ હવેલી પાસે, સેક્ટર-૧૧, ગાંધીનગર મો. ૯૬૩૮૧ ૮૩૮૩૮
રજીસ્ટર્ડ ઓફિસ: પ્લોટ નં. એલ-૮૦૧/૧, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર
capitaloffsetgujarat@gmail.com
www.capitaloffset.in

**શતં જીવ શરદઃ**



ગુજરાતના પનોતાપુત્ર તથા દેશને મહાસત્તા બનાવનાર લોકલાડીલા વડાપ્રધાન આદરણીય **શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબ** ને ૭૧ મા જન્મદિન નિમિત્તે કોટીકોટી અભિનંદન સાથે સાથે ભગવાન દીર્ઘાયુ અર્પે તેવી હાર્દિક શુભકામનાઓ... તેમજ ગુજરાતના નવનિયુક્ત માન. મુખ્યમંત્રીશ્રી **ભુપેન્દ્રભાઈ પટેલ** તથા તેમના મંત્રીમંડળમાં સ્થાન પામેલા સર્વે મંત્રીશ્રીઓને ખુબ ખુબ અભિનંદન...

ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ મોવડી મંડળ દ્વારા નવા રચાયેલા પ્રધાનમંડળમાં સાબરકાંઠા જિલ્લાને પ્રતિનિધિત્વ આપ્યુંતેનો આભાર વ્યક્ત કરીને પ્રાંતિજ અને તલોદ વિધાનસભા બેઠકના લોકલાડીલા યુવાન અને ઉત્સાહી ધારાસભ્ય અને અમારી સાબરકાંઠા બેંકના પૂર્વ ડીરેક્ટર **શ્રી ગજેન્દ્રસિંહ પરમાર**ને મંત્રી મંડળમાં સ્થાન મળ્યુ તે બદલ ખૂબ ખૂબ શુભકામનાઓ

શ્રી ગજેન્દ્રસિંહ પરમાર
(ધારાસભ્યશ્રી, પ્રાંતિજ-તલોદ વિધાનસભા)
(રાજયકક્ષાના મંત્રીશ્રી, અન્ન, પુરવઠા અને ગ્રાહક સુરક્ષા બાબત)

શ્રી જગદીશભાઈ પંચાલને ગુજરાત સરકારમાં સહકાર મંત્રી તરીકે સ્થાન પ્રાપ્ત થવા બદલ ખુબ ખુબ શુભેચ્છા સહ અભિનંદન...

:: શુભેચ્છક ::
મહેશભાઈ એ. પટેલ, ચેરમેન
રાજેન્દ્રસિંહ એન. ભાટી, વાઈસ ચેરમેન
એચ.પી. નાયક, ચીફ એકઝીક્યુટીવ
પંકજકુમાર એન. પટેલ, માનદ્ મેનેજીંગ ડીરેક્ટર
બોર્ડ ઓફ ડીરેક્ટર્સના સભ્યશ્રીઓ તથા કર્મચારી પરિવાર
**ધી સાબરકાંઠા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી.**